www.kamalamgujarat.com

Thursday
19.11.2020

✳Volume :5 ✳ Issue No. 95

Email.: kamalamgujarat@gmail.com

✳Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્ **કમલમ્** વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

# પ્રધાનમંત્રીએ આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે 'વોકલ ફોર લોકલને લોકપ્રિય બનાવવામાં મદદ કરવા આધ્યાત્મિક આગેવાનોને અપીલ કરી




કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, જેમ આઝાદીની લડતનો પાયો ભક્તિ આંદોલને પૂરો પાડ્યો હતો એ જ રીતે અત્યારે આત્મનિર્ભર ભારતનો પાયો આપણા દેશના સંતો, મહાત્મા, મહંતો અને આચાર્યો પૂરો પાડશે. તેમણે આજે વીડિયો કોન્ફરન્સિંગથી જૈનાચાર્ય શ્રી વિજય વલ્લભ સૂરિશ્વરજી મહારાજની ૧૫૧મી જન્મજયંતિની ઉજવણી કરવાના ઉપક્રમે 'સ્ટેચ્યૂ ઓફ પીસ પ્રતિમાના અનાવરણ પછી સંબોધન કર્યુ હતું. આ પ્રસંગે તેમના સંબોધનની મુખ્ય બાબતો પૈકીની એક બાબત આઝાદીની લડાઈ અને હાલ આત્મનિર્ભરતા જેવા સામાજિક-રાજકીય અને આર્થિક પ્રસંગો માટે ધાર્મિક અને આધ્યાત્મિક પાયો નાંખવા પર ભાર મૂકવાનોહતો.સ્થાનિક ચીજવસ્તુઓના વપરાશને પ્રોત્સાહન આપવા એટલે કે 'વોકલ ફોર લોકલ પર ભાર મૂકીને શ્રી મોદીએ જણાવ્યું હતું કે, મધ્યકાળમાં ભક્તિ આંદોલને આઝાદીના સંઘર્ષ અને આધુનિક ભારત માટેનો પાયો નાંખ્યો હતો. આપણે એ યાદ કરવાની જરૂર છે કે, દેશના દરેક ખૂણામાંથી લોકોને સંતો, મહાત્માઓ, આચાર્યોએ પ્રેરિત કર્યા હતા અને તેમને જાગૃત કર્યા હતા. શ્રી મોદીએ ઉમેર્યુ હતું કે, આ જાગૃતિએ આઝાદીની લડાઈને મોટું પ્રેરકબળ પ્રદાન કર્યું હતું. પ્રધાનમંત્રી મોદીએ આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવા માટે આધ્યાત્મિક આગેવાનોને અપીલ કરી હતી. તેમણે રજૂઆત કરી હતી કે, જેમ ભક્તિ આંદોલને આઝાદીની લડતનો પાયો નાંખ્યો હતો અને સ્વતંત્રતાની લડતને મજબૂત કરી હતી, તેમ અત્યારે ૨૧મી સદીમાં આત્મનિર્ભર ભારતનો પાયો પણ આપણા સંતો, મહાત્માઓ અને આચાર્યો નાંખશે. તેમણે સંતો, મહાત્માઓ અને આધ્યાત્મિક આગેવાનોને તેમના શિષ્યોને અને આધ્યાત્મિક કાર્યક્રમોમાં 'વોકલ ફોર લોકલની અપીલ કરવા વિનંતી કરી હતી. આધ્યાત્મિક આગેવાનો થકી 'વોકલ ફોર લોકલનો સંદેશ વધારે મજબૂતી ધારણ કરશે. શ્રી મોદીએ કહ્યું હતું કે, આનાથી દેશ આત્મનિર્ભર બનવા પ્રેરિત થશે કારણ કે આનાથી આઝાદીની લડત દરમિયાન દેશ ઊર્જાવંત થયો હતો.

## પ્રધાનમંત્રીના આહ્વાનના પગલે આધ્યાત્મિક ગુરુઓએ વોકલ ફોર લોકલને અપનાવ્યું

## સંત સમાજે આત્મનિર્ભર ભારત ચળવળને સમર્થન આપ્યું



કમલમ દૈનિક,

આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે 'વોકલ ફોર લોકલ'ની લોકપ્રિયતા વધારવામાં મદદરૂપ થવા માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે આધ્યાત્મિક ગુરુઓને કરેલી અપીલને ખૂબ જ પ્રચંડ પ્રતિસાદ મળી રહ્યો છે અને દેશના સંખ્યાબંધ અગ્રણી આધ્યાત્મિક ગુરુઓ આ ચળવળના સમર્થનમાં આગળ આવ્યા છે. 'સંત સમાજે' ખૂબ જ ઉત્સાહપૂર્વક પ્રધાનમંત્રીના આ અનુરોધને પ્રતિભાવ આપ્યો છે. આધ્યાત્મિક ગુરુઓ જાહેર કટિબદ્ધતા સાથે આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે 'વોકલ ફોર લોકલ'નો વધુને વધુ પ્રચાર કરવા માટે આગળ આવ્યા છે અને આ હિતકારી ઉદ્દેશમાં મદદરૂપ થવા માટે સમર્થનનું વચન આપ્યું છે. પ્રધાનમંત્રીએ ગઈકાલે જૈનાચાર્ય શ્રી વિજય વલ્લભ સુરિશ્વરજી મહારાજની ૧૫૧મી જન્મજયંતિના પ્રસંગે તેમને સ્મરણાંજલિ રૂપે 'સ્ટેચ્યૂ ઓફ પીસ' નું વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી અનાવરણ કરતી વખતે દેશના તમામ આધ્યાત્મિક ગુરુઓને આ આહ્વાન કર્યું હતું. શ્રી મોદીએ જણાવ્યું હતું કે સ્વતંત્રતાના સંઘર્ષનો પાયો ભક્તિ ચળવળ દ્વારા પૂરો પાડવામાં આવ્યો હતો તેવી જ રીતે, આત્મનિર્ભર ભારતનો પાયો આપણા દેશના સંતો, મહાત્માઓ, મહંતો અને આચાર્યો દ્વારા પૂરો પાડવામાં આવશે. તેમણે આધ્યાત્મિક ગુરુઓને, તેમની સત્સંગ સભાઓમાં અને તેમના અનુયાયીઓ સાથે વાર્તાલાપ દરમિયાન આત્મનિર્ભર ભારત ચળવળને પ્રોત્સાહન આપવા માટે આહ્વાન કર્યું હતું. શ્રી શ્રી રવિ શંકર મહારાજે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીના આહ્વાનના સમર્થનમાં, આ સંસ્થાના યુવાનો દ્વારા એક એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે અને શ્રી શ્રીએ પુનરુચ્ચાર કર્યો હતો કે, તેઓ રોજબરોજના વપરાશની ચીજોમાં આત્મનિર્ભર ભારતને પ્રોત્સાહન આપવા માટે કટિબદ્ધ છે. બાબા રામદેવે પણ આત્મનિર્ભર ભારત ચળવળને આગળ ધપાવવા માટે પતંજલિ અને તેમના અનુયાયીઓનું પૂરતું સમર્થન હોવાનું જાહેર કર્યું હતું. તેમણે આ સંદર્ભે અન્ય આધ્યાત્મિક ગુરુઓના સંપર્કમાં રહીને તેમને પણ 'વોકલ ફોર લોકલ' મંચ પર એક સાથે લાવવા માટે મદદરૂપ થવાની તૈયારી બતાવી હતી. પ્રધાનમંત્રીના આહ્વાનના પ્રતિભાવમાં સદગુરુ જગ્ગી વાસુદેવે ટ્વીટ કરીને જણાવ્યું હતું કે "આત્મનિર્ભરતા એ મૂળભૂત તાકાત છે અને એક સ્થિર રાષ્ટ્ર માટે તે આવશ્યક છે. માત્ર એકલા ઉભા રહેવા માટે નહીં પરંતુ રાષ્ટ્રીય તાતણાની સ્થિતિસ્થાપકતા માટે અને દુનિયામાં મહત્વપૂર્ણ રાષ્ટ્ર બનવા માટે આ જરૂરી છે. માત્ર દેશવાસીઓની કટિબદ્ધતા દ્વારા જ આ શક્ય છે.'' સ્વામી અખંડાનંદે આધ્યાત્મિક ગુરુઓ વતી આ બાબતે તેઓ એકજૂથ રહીને સમર્થન આપતા હોવાનું જાહેર કર્યું હતું અને પ્રધાનમંત્રીના આ આહ્વાનને પ્રેરણાદાયી ગણાવ્યું હતું. ભાગવત કથાકાર અને આધ્યાત્મિક અગ્રણી ગુરુ દેવકી નંદન ઠાકુરે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીના આહ્વાનના પગલે તેમના અનુયાયીઓએ 'વોકલ ફોર લોકલ'ને તેમના જીવનનો ઉદ્દેશ બનાવી દીધો છે. આત્મનિર્ભર ભારત માટેના આહ્વાનને સમર્થન અને પ્રશંસાની ભાવનાનો આધ્યાત્મિક ગુરુઓ તરફથી મળી રહેલા પ્રચંડ પ્રતિસાદમાં પડઘો પડી રહ્યો છે. તેઓ વ્યક્તિગત સ્તરે આ આહ્વાનને સમર્થન આપવાની સાથે સાથે 'સંત સમાજ'ના પ્રતિભાવ માટે સંકલન કરવાની પણ તૈયારી દર્શાવી રહ્યાં છે, તેઓ પોતાના સમર્થકોને 'વોકલ ફોર લોકલ' અપનાવવા માટે અનુરોધ કરી રહ્યાં છે તેમજ આ ઉદ્દેશ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સંસાધનો પૂરા પાડવાનું વચન આપી રહ્યાં છે. નીચે દર્શાવેલા સંદેશાઓના માધ્યમથી, આ ચળવળને અપાર સમર્થન મળી રહ્યું હોવાનું જોઈ શકાય છે.

## પ્રધાનમંત્રીએ વડોદરામાં થયેલા અકસ્માતમાં મૃતકો અંગે શોક વ્યક્ત કર્યો



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વડોદરા ખાતે થયેલ અકસ્માતમાં મૃતકો અંગે દુ:ખની લાગણી વ્યક્ત કરી છે. એક ટ્વિટમાં શ્રી મોદીએ કહ્યું કે ''વડોદરામાં થયેલા અકસ્માતથી દુ:ખી છું. મારી સંવેદના એ લોકો સાથે છે જેમણે તેમના પ્રિયજનો ગુમાવ્યા. ઘાયલો જલ્દીથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના. વહીવટી તંત્ર અકસ્માત સ્થળ પર તમામ શક્ય સહાય પૂરી પાડી રહ્યું છે.''

## પ્રધાનમંત્રીએ રાજસ્થાનના મંત્રી માસ્ટર ભંવરલાલ મેઘવાલના અવસાન અંગે શોક વ્યક્ત કર્યો



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના કેબિનેટ મંત્રી માસ્ટર ભંવરલાલ મેઘવાલના અવસાન અંગે શોક વ્યક્ત કર્યો છે. એક ટ્વિટમાં શ્રી મોદીએ કહ્યું કે "રાજસ્થાનના કેબિનેટ મંત્રી માસ્ટર ભંવરલાલ મેઘવાલ જીના અવસાનથી દુ:ખ થયું. તેઓ રાજસ્થાનની સેવા કરવાનો ઉત્સાહ ધરાવનારા એક દિગ્ગજ નેતા હતા. દુ:ખની આ ઘડીમાં તેમના પરિવાર અને પ્રસંશકો પ્રત્યે મારી સંવેદના."

## સશસ્ત્ર દળ ઝંડા દિવસ ચિત્રકામ સ્પર્ધાનું આયોજન




કમલમ દૈનિક,

ભારતીય સશસ્ત્ર દળો દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ અને તેમણે આપેલા બલિદાનો અંગે વિશાળ જનસમુદાયમાં ઉત્સાહ જગાવવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્રીય સૈનિક બોર્ડ દ્વારા સ્અર્ધ્દ્ર પ્લેટફોર્મના માધ્યમથી સશસ્ત્ર દળ ઝંડા દિવસ ચિત્રકામ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાની થીમ ' સશસ્ત્ર દળના પીઢ જવાનોને વંદન' રાખવામાં આવી છે. આ સ્પર્ધામાં પોતાની કલાકૃતિઓ જમા કરાવવા માટેની અંતિમ તારીખ ૩૦ નવેમ્બર ૨૦૨૦ છે અને તમામ લોકો આ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે. આપણા દેશની સરહદો પર અને દેશના આંતરિક હિસ્સાઓમાં શત્રુઓ સામે સુરક્ષા પ્રદાન કરવા માટે ગણવેશમાં સજ્જ સૈન્યના જવાનોના માનમાં દર વર્ષે ૭ ડિસેમ્બરના રોજ સમગ્ર દેશમાં સશસ્ત્ર દળ ઝંડા દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે આર્મી, નેવી અને એરફોર્સ દ્વારા દેશને પૂરી પાડવામાં આવતી સેવાઓને યાદ કરવામાં આવે છે. આ ઝંડામાં લાલ, ઘેરો વાદળી અને આછો વાદળી રંગ અનુક્રમે ભારતના આર્મી, નેવી અને એરફોર્સનું પ્રતિનિધિત્વ કરે છે. આ સ્પર્ધાની વધુ વિગતો માટે, કલાકારો https://www.mygov.in/task/art-competition-armed-forces-flag-day/ ની મુલાકાત લઈ શકે છે.

## પ્રધાનમંત્રીએ શ્રી નીતીશ કુમારને બિહારના મુખ્યમંત્રી પદના શપથ ગ્રહણ કરવા બદલ અભિનંદન આપ્યા



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરવા બદલ શ્રી નીતીશ કુમારને અભિનંદન પાઠવ્યા છે. એક ટવીટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, "બિહારના મુખ્યમંત્રી પદે શપથ ગ્રહણ કરવા બદલ નીતીશ કુમાર જીને અભિનંદન. હું બિહાર સરકારમાં મંત્રી તરીકે શપથ લેનારા તમામ મંત્રીઓને પણ અભિનંદન આપું છું. એનડીએ પરિવાર બિહારની પ્રગતિ માટે સાથે મળીને કામ કરશે. હું બિહારના કલ્યાણ માટે કેન્દ્ર તરફથી દરેક સંભવિત સમર્થનની ખાતરી આપું છું. "

## ભારત–લક્ઝમબર્ગ વચ્ચે વર્ચ્યુઅલ શિખર સંમેલન




કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને લક્ઝમબર્ગના પ્રધાનમંત્રી મહામહિમ શ્રી ઝેવિયર બીટલ વચ્ચે ૧૯ નવેમ્બર, ૨૦૨૦ના રોજ વર્ચ્યુઅલ શિખર સંમેલન યોજાશે. છેલ્લાં બે દાયકામાં ભારત અને લક્ઝમબર્ગ વચ્ચે આ પ્રથમ સ્વતંત્ર શિખર સંમેલન બની રહેશે. બંને નેતાઓ દ્વિપક્ષીય સંબંધોના તમામ પાસાઓ પર ચર્ચાવિચારણા કરશે, જેમાં કોવિડ પછીના દુનિયામાં ભારત-લક્ઝમબર્ગ વચ્ચે સાથસહકારને ગાઢ બનાવવાની બાબત સામેલ હશે. બંને નેતાઓ પારસ્પરિક હિતના આંતરરાષ્ટ્રીય અને વૈશ્વિક મુદ્દાઓ પર અભિપ્રાયોનું આદાનપ્રદાન પણ કરશે. ભારત અને લક્ઝમબર્ગએ તાજેતરમાં ઉચ્ચ સ્તરીય આદાનપ્રદાનને સતત જાળવી રાખ્યું છે. બંને પ્રધાનમંત્રીઓ અગાઉ ત્રણ પ્રસંગો પર મળ્યાં છે.

## તંત્રી સ્થાનેથી......


દિવાળીની ત્રણ દિવસની જાહેર રજાને લઈને ૨૪૫૯૪ લોકોએ જૂનાગઢના સક્કરબાગ ઝૂની મુલાકાત લીધી હતી. જેમાં ઝૂને ૭,૪૩,૦૦૦ રૂપિયાની આવક થઈ છે. જૂનાગઢ સક્કરબાગ ઝૂના આરએફઓ નિરવ મકવાણાએ જણાવ્યું હતું કે, દિવાળીની જાહેર રજાને લઈને સક્કરબાગ ઝૂ માં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો હતો. જેમાં તા.૧૪ ને શનિવારે ૩૦૯૭ લોકોએ મુલાકાત લીધી હતી. જેમાં ૯૯,૦૦૦ રૂપિયાની આવક થઈ હતી. તા.૧૫ ને રવિવારે ૯૬૨૫ લોકોએ મુલાકાત લીધી હતી. જેમાં ૨,૯૦,૦૦૦ની આવક થઈ હતી. જ્યારે તા.૧૬ ને સોમવારને બેસતા વર્ષના દિવસે ૧૧,૮૭૨ લોકોએ સક્કરબાગ ઝૂની મુલાકાત લેતા ૩,૫૪,૦૦૦ની આવક થઈ છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, કોરોનાની મહામારીને ધ્યાને લઈને સરકારશ્રીની ગાઈડલાઈનનું પાલન કરવામાં આવ્યું હતું અને દિવાળીના તહેવારને લઈને સક્કરબાગ ઝૂમાં પ્રવેશ માટે છુટછાટ આપવામાં આવી હતી.

# નવું વર્ષ: અનોખી પરંપરા....

## વન પાલ મુકેશભાઈ બારિયા એ સાથી વનકર્મીઓ સાથે રતન મહાલ ના જંગલમાં દુર્લભ વૃક્ષની પૂજા કરી નવું વર્ષ ઉજવ્યું: સન ૨૦૦૮માં નોકરીની શરૂઆત થી તેઓ દર વર્ષે નવા વર્ષની શરૂઆત વૃક્ષ પૂજા થી કરે છે....

### જેના થડ પર ઝીણા વાળ ઊગે છે એવા સાગેન ના વૃક્ષની સાથે રતન મહાલની ટોચ પર બિરાજતા પ્રાચીન રત્નેશ્વર મહાદેવનું પણ કર્યું પૂજન..






## ઝાડ બિચારા કોની સાથે નવું વર્ષ ઊજવે? આપણી સાથે જ ને...મુકેશભાઈ બારિયા

કમલમ દૈનિક, વડોદરા

નવું વર્ષ ઉજવવાની નવી અને નોખી પરંપરાઓ દરેક પંથકમાં જોવા મળે છે અને આ વિવિધતા નવા વર્ષના ઉત્સવને નવો ઓપ આપે છે. તેમાં પણ વન્ય જીવ સંરક્ષણ વિભાગ હેઠળના રતનમહાલ અભ્યારણ્યની કંજેઠા રેન્જમાં કાર્યરત વન પાલ એટલે કે ફોરેસ્ટર શ્રી મુકેશ અરવિંદ બારિયાએ,પોતાના પરિક્ષેત્ર વન અધિકારી શ્રી રમેશભાઈ ચૌહાણ અને સાથી વન રક્ષકોની સાથે પવિત્ર સાગેનના વૃક્ષની પૂજા કરીને નવી અને નોખી રીતે નવું વર્ષ ઉજવ્યું હતી.આ પ્રતિબદ્ધ વન સેવકો એ જાણે કે વૃક્ષ દેવતાને સહુથી પહેલા સાલ મુબારક પાઠવી ને વિક્રમ સંવતના નવા વર્ષની શરૂઆત કરીને વૃક્ષ દેવો ભવનો શુભ સંદેશ આપ્યો હતો. જો કે મુકેશભાઈ સાવ અલગ વિચારધારા ધરાવતા વન કર્મયોગી છે. તેમણે જંગલ ખાતાની નોકરીની શરૂઆત વડોદરા જિલ્લાના વાઘોડિયા થી,વડોદરા વન વર્તુળ હેઠળ સન ૨૦૦૮માં કરી હતી. તેઓ ખૂબ સૂચક શબ્દોમાં કહે છે કે,ઝાડ બિચારા કોની સાથે નવું વર્ષ ઊજવે? અમારી સાથે જ ને. અમે વન વિભાગ વાળા જંગલ અને ઝાડોના સગાવ્હાલા કહેવાઈએ. એટલે મેં નોકરીના પહેલાં વર્ષ થી જ નવા વર્ષની શરૂઆત વૃક્ષ પૂજાથી કરવાનો રિવાજ પાળ્યો છે.વાઘોડિયા પાસેના વેડપુર નજીક સાગના જ એક પ્રકારનું અને ખૂબ જૂજ જોવા મળતું સાગેન વૃક્ષ છે.થડ પર ઝીણા વાળ જેવા તાંતણા ધરાવતું આ વૃક્ષ સેવનના ઝાડ જેવું જ પવિત્ર ગણાય છે.તે સમયે હુ અને મારા બીટ ગાર્ડ સાથી નવા વર્ષે એ વૃક્ષની પૂજા કરતા અને થોડીવાર એ વૃક્ષ સાથે બેસી મૌન સંવાદ કરતા, તેના થી ખૂબ શાંતિ મળતી.ત્યાર થી મેં આ પરંપરા પાળી છે.હાલમાં આ નવા સ્થળે બદલી થઈને આવ્યો છું.એટલે પરિક્ષેત્ર વન અધિકારી રમેશભાઈ ચૌહાણને વાત કરતા તેમણે સંમતિ આપી.તેઓ તથા સાથી મિત્રો વૃક્ષ પૂજામાં જોડાયાં. અમે સાગેનને પુષ્પ માળા ચઢાવી,અગરબત્તી કરી, શ્રીફળ વધેર્યુ અને આમ,વૃક્ષ દેવતાના પૂજનથી અમારા નવા વર્ષની શરૂઆત કરી.તેઓ લાગણી ભીના શબ્દોમાં જણાવે છે કે, લોકો નવા વર્ષે પોતાના દુકાન ધંધાના સ્થળની,ધનની,લક્ષ્મીની પૂજા કરે છે. વન કર્મી તરીકે અમારું ધન ગણો કે લક્ષ્મી ગણો એ આ જંગલ અને વૃક્ષો છે.જંગલ અને ઝાડવા છે તો અમારી નોકરી છે અને રોજી રોટી છે.એટલે તેનો આભાર માનવા હું નવા વર્ષે વૃક્ષ પૂજા કરું છું.મને આનંદ છે કેધ મારા ઉચ્ચ અધિકારીઓ અને સાથી કર્મચારીઓનો મને હાર્દિક સહયોગ આ કામમાં મળી રહ્યો છે. વૃક્ષ પૂજન પછી મુકેશભાઈ અને સાથીઓએ રતનમહાલની ટોચ પર પીપર ગોટા ગામની નજીક બિરાજતા રત્નેશ્વર મહાદેવની પૂજા કરી હતી. રમેશભાઈ ચૌહાણ જણાવે છે કે આ મહાદેવ દાદા નો પુરાણોમાં ઉલ્લેખ છે અને છેક મધ્ય પ્રદેશ થી પગદંડી રસ્તે લોકો તેના દર્શન પૂજન કરવા આવે છે. તેઓ કહે છે કે જંગલનો ઉછેર કરવો,તેને સાચવવા એ કોઈ એકલા થી થાય એવું કામ નથી.ટીમ વર્ક છે.વૃક્ષ પૂજન થી અમારું ટીમ વર્ક પણ મજબૂત બનશે. પ્રાણી વિભાગના મદદનીશ વન સંરક્ષક ડો.ધવલ ગઢવીએ આ પહેલને બિરદાવી ,સહુને પ્રોત્સાહિત કર્યા છે. પ્રકૃતિ ની, કુદરત ની પૂજા દિપાવલી ના તહેવારો સાથે આમ પણ સંકળાયેલી છે.આ તહેવાર દરમિયાન ગોવર્ધન પૂજાનું આગવું મહત્વ છે. ભગવાન શ્રી કૃષ્ણની પ્રેરણા થીગોવર્ધન સ્વરૂપે પર્વત અને વન સંપદા ની જ પૂજા પ્રાચીન કાળ થી કરવામાં આવે છે. ગૌ પૂજન પણ આ તહેવારમાં કરવામાં આવે છે.ત્યારે વન અને વૃક્ષની પૂજાની મુકેશભાઈની આ નાનકડી પહેલ પ્રશંસનીય અને પ્રેરક ગણાય.

## રાજકોટ સિવિલ હોસ્પિટલની સનિષ્ઠ કામગીરીને પ્રતાપે દર્દીઓ થઇ રહ્યા છે કોરોના મુક્ત



કમલમ દૈનિક,

“કપરા સમયમાં હોસ્પિટલના દિકરા દિકરીઓએ રાત-દિવસ જોયા વગર મારી સેવા કરી મને કોરોના મુક્ત કર્યો છે." આ શબ્દો છે ૫૫ વર્ષીય સાદિકભાઈ બ્લોચના. જેમણે તાજેતરમાં જ કોરોનાને મ્હાત આપી છે. પોતના અનુભવને વર્ણવતા સાદિકભાઈ કહે છે કે," થોડાક સમય પહેલા એક દિવસ અચાનક જ મારુ શરીર તપવા લાગ્યું, શરદી અને ઉધરસ પણ આવવા લાગી એટલે હું મારા દીકરા સાથે એક ખાનગી ડોક્ટર પાસે ગયો ત્યાં મારી તપાસ કરતા, કોરોનાના લક્ષણો જોવા મળ્યા માટે મને સિવિલમાં ટેસ્ટ કરવાનું તેમને સૂચન આપ્યું " ત્યારબાદ તુરત જ સાદિકભાઈ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ટેસ્ટ કરાવવા માટે ગયા જ્યાં રીપોર્ટ પોઝિટિવ આવ્યો અને તેમને સિવિલમાં દાખલ કરવામાં આવ્યા. સિવિલમાં મળેલ સારવાર વિશે વાત કરતા સાદિકભાઈ જણાવે છે કે, "રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મને આત્મીયતા સભર સારવાર મળી છે. હોસ્પિટલનો આખો સ્ટાફ મને પરિવારની જેમ સાચવતા અને સારવાર આપતા, દરરોજ દિવસમાં પાંચ વખત ડોક્ટર મને ચેક કરવા આવતાં હતા અને સમયસર મળતા આહાર આયુર્વેદિક દવા અને ઉકાળાથી સમયસર આપવામાં આવતા તેથી ધીરે ધીરે મારી તબિયતમાં પણ સુધારો આવવા માંડ્યો અને આજે હું સ્વસ્થ થઈ ગયો છું. તેમની આ સુંદર સારવાર બદલ હું ડોક્ટરથી લઈને નર્સ સુધીના સર્વે સ્ટાફનો આભારી છું, અને હું અન્ય લોકોને પણ કહીશ કે એ કોરોનાથી બચવા માસ્ક, સૅનેટાઈઝર સહિતની આરોગ્યતંત્ર ની દરેક સુચનોનું પાલન કરે" કોરોના સામેની આ જંગમાં રાજકોટ સિવિલ હોસ્પિટલની સનિષ્ઠ કામગીરીને પ્રતાપે દર્દીઓ કોરોના મુક્ત થઈ રહ્યા છે.

### લક્ષ્મી વિલાસ બેંકમાંથી ગ્રાહકો ફક્ત ૨૫ હજાર નીકાળી શકશે

## આરબીઆઈએ ૨૪ કલાકમાં મહારાષ્ટ્રની બે બેન્કો પર પ્રતિબંધ લાદ્યો

### મહારાષ્ટ્રમાં આવેલ મંતા અર્બન કો-ઓપરેટિવ બેંક પર આરબીઆઈએ પ્રતિબંધ લાદ્યો



કમલમ દૈનિક, મુંબઈ,

ભારતીય રિઝર્વ બેંકએ લક્ષ્મી વિલાસ બાદ વધુ એક બેંક પર પ્રતિબંધ લગાવ્યો છે. આ પ્રતિબંધ મહારાષ્ટ્રના જાલના જિલ્લામાં મંતા અર્બન કો-ઓપરેટિવ બેંક પર લગાવ્યો છે. આરબીઆઈ અનુસાર તેને આ બેંકને કેટલાક આદેશ આપ્યા હતા, જે ૧૭ નવેમ્બર ૨૦૨૦માં બેંક બંધ થયા બાદથી ૭ મહિના સુધી પ્રભાવી થશે.

આ આદેશ અનુસાર, આ બેંક આરબીઆઈની પરવાનગી વગર કોઈ દેવુ અથવા ઉધાર નહી આપી શકે અને ના તો પુરા દેવાનું નવીનીકરણ અથવા કોઈ રોકાણ કરી શકશે. બેંક પર નવી જમા રકમ સ્વીકાર કરવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. તે કોઈ ચુકવણી પણ નથી કરી શકતુ અને ના તો ચુકવણી કરવા કોઈ સમજૂતી કરી શકશે. જોકે, આરબીઆઈએ પ્રતિબંધનો આધાર નથી ગણાવ્યો.

મહત્વપૂર્ણ છે કે ગત વર્ષે સપ્ટેમ્બરમાં રિઝર્વ બેંકને પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ બેંક (પીએમસી)માં થઈ રહેલા કૌભાંડની ખબર પડી હતી. આ કૌભાંડ સામે આવતા જ આરબીઆઈએ બેંક પર પ્રતિબંધ લગાવી દીધો હતો. બેંકને સંકટથી બચાવવા માટે આરબીઆઈએ ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૯માં પૈસા કાઢવા પર એક સીમા અથવા મોરેટોરિયમ લગાવી દીધો હતો.

આ પહેલા નાણાકીય સંકટમાંથી પસાર થઈ રહેલી ખાનગી ક્ષેત્રની લક્ષ્મી વિલાસ બેંક પર એક મહિના સુધી પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. આ પ્રતિબંધમાં બેંકનો કોઈ ખાતાધારક વધુમાં વધુ ૨૫,૦૦૦ રૂપિયા સુધી પૈસા ઉપાડી શકશે. બેંકની ખરાબ નાણાકીય હાલતને જોતા આ પગલુ ભરવામાં આવ્યુ છે. ભારતીય રિઝર્વ બેંકે એક નિવેદનમાં કહ્યુ કે બેંક તરફથી વિશ્વસનીય પુનરોદ્ધાર યોજના રજૂ ના કરવાની સ્થિતિમાં જમા ધારકોના હિતમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. સાથે જ બેંકિંગ અને નાણાકીય વિસ્તારની સ્થિરતાના હિતોનું પણ ધ્યાન રાખવામાં આવ્યુ છે.

કેન્દ્રીય બેંકે કહ્યુ કે આ સિવાય કોઈ વિકલ્પ બાકી નહતો. માટે બેંકિંગ નિયમન અધિનિયમ ૧૯૪૯ની કલમ ૪૫ હેઠળ કેન્દ્ર સરકારે ખાનગી વિસ્તારની બેંક પર પ્રતિબંધ લગાવ્યો છે. યસ બેંક બાદ આ વર્ષે મુશ્કેલીમાં ફસાયેલી લક્ષ્મી વિલાસ બેંક ખાનગી વિસ્તારની બીજી મોટી બેંક બની ગઈ છે.

## આંકલાવના વાજબી ભાવના દુકાનદારના વારસદારને સરકાર તરફથી મળેલ રૂ. ૨૫ લાખનો સહાયનો ચેક અર્પણ કરતા જિલ્લા કલેક્ટર શ્રી આર. જી. ગોહિલ




### કોરોનાથી સંક્રમિત થતાં આંકલાવના વાજબી ભાવના દુકાનદારનું અવસાન થયું હતું

આણંદ જિલ્લાખમાં કોરોનાની મહામારીમાં કોરોના વોરિયર તરીકે અવસાન પામેલ અને રાજય સરકાર તરફથી સહાય મેળવનાર આ પ્રથમ કિસ્સોઆ છે. જિલ્લાર પુરવઠા અધિકારી શ્રી બામણિયાએ આણંદ જિલ્લાવમાં કોરોનાના સંક્રમણના કારણે ૦૪ (ચાર) દુકાનદારોના દુઃખદ અવસાન થયેલ છે જેની આર્થિક સહાય અંગેની દરખાસ્તવ રાજય સરકારમાં મોકલી આપવામાં આવી છે જે પૈકી એક દુકાનદારની નાણાંકીય સહાયનો ચેક મળેલ છે જેની સહાય ચૂકવવામાં આવી છે જયારે અન્ય દરખાસ્તોછ મંજૂર થઈને આવ્યેકથી સંબંધિત આશ્રિતોને નાણાંકીય સહાય ચૂકવવામાં આવશે તેમ જણાવ્યું છે.

કમલમ દૈનિક, આણંદ

સમગ્ર વિશ્વમાં વ્યા પેલી કોરોનાની મહામારી વચ્ચેશ આણંદ જિલ્લાહના રેશનકાર્ડ ધારકોને નિયમિત રીતે અનાજનો જથ્થોા મળી રહે તે માટે આણંદ જિલ્લાસમાં આવેલી ૬૭૪ પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર વાજબી ભાવની દુકાનો દ્વારા એપ્રિલ અને મે માસના લોકડાઉનના સમયગાળામાં તથા ત્યોરબાદના સમયગાળામાં રેશનકાર્ડ ધારકોને આવશ્યોક ચીજવસ્તુ઼ઓના જથ્થાઉનું વિતરણ સમયસર કરવામાં આવ્યું હતું. આ વિતરણ દરમિયાન આરોગ્યુ વિભાગની ગાઈડલાઈન મુજબ સોશિયલ ડિસ્ટવન્સીંમગ જાળવી માસ્ક અને સેનીટાઈઝરનો પણ ઉપયોગ કરવામાં આવ્યોગ હતો. આ કોરોનાના કપરા કાળમાં કોરોના વોરિયર તરીકે આવશ્યુક ચીજવસ્તુના વિતરણની કામગીરી કરતાં દુકાનદાર, તોલાટ, કોમ્યુ આ ટર ઓપરેટર, સહાયકનું દુઃખદ અવસાન થાય તો રાજય સરકાર દ્વારા તેઓના આશ્રિત કુટુંબને રૂા. ૨૫ લાખની આર્થિક સહાય આપવાનું જાહેર કરવામાં આવ્યુંર હતું.

રાજય સરકારની આ યોજના અંગેની વિગતો આપતાં જિલ્લાન પુરવઠા અધિકારી શ્રી ગોપાલ બામણિયાએ આંકલાવ તાલુકાના આંકલાવના વાજબી ભાવના દુકાનદાર ચંદુભાઇ ધોરીભાઇ પટેલનું કોરોનાના સંક્રમણના કારણે જુલાઇ માસમાં દુઃખદ અવસાન થયું હતું. રાજય સરકારના ઠરાવ મુજબ આંકલાવના મામલતદાર શ્રી એસ. પી. વાળંદ દ્વારા સહાય અંગેની દરખસ્ત રજૂ કરવામાં આવી હતી. જે દરખાસ્તલ રાજય સરકારમાંથી મંજૂર થઇ આવતાં ચંદુભાઇ ધોરીભાઇ પટેલના આશ્રિત પત્નીત કુમુદબેન ચંદુભાઇ પટેલને રૂા. ૨૫ લાખની નાણાંકીય સહાય મંજૂર કરવામાં આવી હતી જે સહાયનો ચેક આજે કલેકટરાલય ખાતે જિલ્લુા કલેકટર શ્રી આર. જી. ગોહિલના હસ્તો અર્પણ કરવામાં આવ્યોહ હોવાનું કહ્યું હતું. જિલ્લા કલેકટર શ્રી આર. જી. ગોહિલે આશ્રિત પત્નીર કુમુદબેન ચંદુભાઇ પટેલને રાજય સરકારની સહાયનો ચેક અર્પણ કરતાં કહ્યું હતું કે, આ એક દુઃખદ બનાવ છે, પરંતુ મૃતકના આશ્રિત પરિવારજનોને રાજય સરકાર દ્વારા આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે. શ્રી ગોહિલે વધુમાં કોરોનાની મહામારીમાં જરૂરિયાતમંદ રેશનકાર્ડ ધારકોને આવશ્યતક ચીજવસ્તુનના જથ્થા નું વિતરણ કરતાં કોરોના વોરિયર એવા વાજબી ભાવના દુકાનદાર, તોલાટ, કોમ્યુશ્ ટર ઓપરેટર, સહાયકને હિંમત મળી રહે તથા આવા દુઃખદ બનાવમાં આશ્રિતના પરિવારને રાજય સરકાર તરફથી આર્થિક મદદ પણ મળી રહે તેમ જણાવી

## પ્રધાનમંત્રીની મહિલાઓને મોટી ભેટ, મિલકત ખરીદી પર માત્ર ૧૦૦ રૂપિયા સ્ટેમ્પ ડયુટી



કમલમ દૈનિક, અમદાવાદ,

ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મહિલાઓના નામની પ્રથમ મિલકત ખરીદીમાં રાજ્ય સરકારે માત્ર ૧૦૦ની સ્ટેમ્પ ડ્યૂટી ભરીને દસ્તાવેજ નોંધી દેવાનો મહત્વનો આદેશ ફરી રાજ્યભરની મહિલાઓને દિવાળી ભેટ આપી રહી હોવાનું જાણવા મળ્યું છે. રાજ્યના મહેસૂલ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર મહિલાઓ માટે રાજ્ય સરકારે અનેક વિધ સહાય યોજના અમલમાં મુકી છે અને અનેક લાભો પણ આપવામાં આવી રહ્યા છે. જેમાં વધારે એક નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં રાજ્યભરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન લેવા માટે મહિલાઓને પ્રાધાન્ય આપેલું છે. પરિવારની મહિલાની મિલ્કતની પ્રથમ ખરીદીમાં મિલકત ખરીદી દસ્તાવેજમાં રાજ્ય સરકાર દ્વારા વસૂલાતી સ્ટેમ્પ ડ્યુટીમાં હવે માત્ર ૧૦૦ની સ્ટેમ્પ ડ્યૂટી ભરીને દસ્તાવેજ ચૂકવવાનો રહેશે. વડાપ્રધાન આવાસ યોજનામાં મહિલાના નામની મિલકતની ખરીદી થાય તેવા હેતુથી સ્ટેમ્પ ડ્યુટી માત્ર ટોકન જેવી ૧૦૦ રૂપિયા વસુલવાનો નિર્ણય કરી તેની અમલવારી થાય તે માટેના આદેશ આપ્યા છે. રાજ્ય સરકારનાં મહેસૂલ વિભાગનાં અનુસાર પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ઈડબલ્યુએસ-૧ અને ઈડબલ્યુએસ-૨ પ્રકારનાં ફ્લેટનું નિર્માણ કરવામાં આવે છે. ૩૦-૪૦ ચો.મીની મર્યાદામાં એક રૂમ રસોડું, બે રૂમ રસોડાના ફ્લેટ તૈયાર કરી ૩.૫૦ લાખથી ૬.૫૦ લાખની કિંમતના ફ્લેટો લાભાર્થીઓ કે જેમાં મહિલાઓનો પણ સમાવેશ થાય છે તે તમામની સરકારે નક્કી કરેલી સ્ટેમ્પ ડ્યુટી ભરીને દસ્તાવેજો નોંધાયા હતા. જો કે સરકાર હવે આ કેટેગરીમાં મહિલાઓને પ્રાથમિકતા આપશે.

## જયારે આપણે સહુ પરિવારજનો સાથે નવું વર્ષ ઉજવી રહ્યા હતા ત્યારે ગોત્રી હોસ્પિટલના કોરોના વિભાગના તબીબો અને આરોગ્ય કર્મચારીઓ દર્દીઓની સાર સંભાળ લઈ રહ્યા હતા...

### ફુગ્ગા અને લાઈટો ફૂલો થી વોર્ડને સજાવી રંગોળી પૂરી કોરોના ના દર્દીઓ સાથે ઉજવ્યું નવું વર્ષ...

### સારવાર લઈ રહેલા ધારાસભ્ય જીતુભાઈ એ આ કોરોના વોરિયર્સ ને બિરદાવ્યા. ...




### દર્દીઓને વિડિયો કોલિંગ થી તેમના સ્વજનો સાથે સંવાદ કરાવ્યો...

કમલમ દૈનિક, વડોદરા

જબ હમ બૈઠે થે ઘરોં મેં વો ઝેલ રહે થે ગોલી..એક દેશભક્તિ ગીતની આ પંક્તિઓ જેવી સમર્પણ ની ગાથા નૂતન વર્ષના દિવસે ગોત્રી ની જી.એમ.ઈ.આર.એસ. હોસ્પિટલના કોવિડ વોર્ડમાં ફરજ પરના તબીબો,નર્સિંગ અને આરોગ્ય સ્ટાફ અને સેવકોએ આલેખી હતી.અલબત્ત તેઓ નો રણ મોરચો જુદો હતો અને ગોળીઓ ઝીલવાની ન હતી .પરંતુ તેઓ સૈનિકોની માફક જ સપરમા દિવસે પોતાના કુટુંબ કબીલા થી દુર રહીને ,જોખમ વહોરીને કોરોના પીડિતો ની સારસંભાળ લઈ રહ્યા હતા અને એમની સાથે જ કોરોના વોર્ડને સજાવી,શણગારી અને પ્રકાશિત કરી નવા વર્ષની તકેદારીઓ પાળીને ઉજવણી કરી હતી.વહીવટી નોડલ અધિકારી ડો.શીતલ મિસ્ત્રી આયોજિત આ અનોખી ઉજવણીમાં ડો.વિજય શાહે જોડાઈને સહુનો ઉત્સાહ વધાર્યો હતો.શુભકામના ના એક વધારાના કદમ રૂપે સારવાર હેઠળના દર્દીઓને વિડિયો કોલીંગ થી તેમના સ્વજનો સાથે સંવાદ કરી અનોખી ભેટ આપી હતી.હાલમાં ધારાસભ્ય શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા પણ આ સરકારી દવાખાનામાં કોરોના ની સારવાર લઈ રહ્યાં છે. તેમણે દર્દીઓ સાથે એકાત્મતા અને સ્વજન ભાવ કેળવી ઉત્સવનો આનંદ આપવાની આ શુભ ચેષ્ટા ને બિરદાવી હતી અને સહુને શુભેચ્છા પાઠવી હતી.દર્દીઓ અમારા સ્વજનો જેવા છે અને નવા વર્ષના આ પાવન પર્વે એમના સગા વ્હાલા થી દુર છે ત્યારે અમે જ એમના કુટુંબીજનો ની ફરજ બજાવી રહ્યાં છે એવા શબ્દો સાથે ડો.શીતલ મિસ્ત્રીએ જણાવ્યું કે નવા વર્ષનો આનંદ તેમને મળે તે માટે તબીબો અને આરોગ્ય કર્મચારીઓ,સેવકો સહિતના સમગ્ર સ્ટાફે વોર્ડની રંગ બિરંગી લાઈટ્સ,ફુગ્ગા અને ફૂલોથી સજાવટ કરી હતી.કોરોના વોરિયરની સેવાઓને બિરદાવતિ રંગોળીથી પ્રવેશ દ્વાર સજાવ્યું હતું અને મીઠાઈ દ્વારા મોઢું મીઠું કરાવ્યું હતું.સહુને ત્વરિત રોગ મુક્તિ મળે એવી શુભકામનાઓ પાઠવી હતી.આમ,ગોત્રી કોવિડ હોસ્પિટલ દ્વારા દર્દીઓ દિપાવલી અને નૂતન વર્ષના ઉત્સવ અને ઉત્સાહ થી વંચિત ન રહે તેવી પ્રેરક અને વિશેષ સારસંભાળ લઈ કોરોના વોરિયર ના સમર્પણ નો પ્રેરક દાખલો બેસાડવામાં આવ્યો હતો.

# તાના-રીરી મહોત્સવ ૨૪ નવેમ્બરે મંગળવારે વડનગર તાના-રીરી ઉદ્યાન ખાતે યોજાશે



કમલમ દૈનિક, મહેસાણા

વડનગરની પ્રાચીન સાંસ્કૃતિ ધરોહર તેના બે હજાર વર્ષના ઈતિહાસને જાળવીને બેઠી છે. જગતના ઈતિહાસમાં નગર સંસ્કૃતિનું ખુબજ મોટું પ્રદાન રહ્યું છે. પ્રાચીન સમયમાં દ્વારકા, મોઢેરા અને વડનગર એમ ત્રણ નગરીઓ મહત્વ સ્થાન ધરાવતી આજે આપણે વડનગરની સંગીત પરંપરાની વાત કરવી છે. વડનગરની સ્થાપના થયા પછી આ નગરી સંગીત,કલા,ગાયન,વાદન અને નૃત્યના પ્રસાર-પ્રચાર માટે સુવિખ્યાત બની છે. ૧૬ મી સદીમાં ભકતકવિ નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈએ પોતાની પુત્રિ શર્મિષ્ટાને વડનગર પરણાવી હતી. શર્મિષ્ટાના નામ પરથી આજે વડનગરમાં શર્મિષ્ટા તળાવ આવેલુ છે..શર્મિષ્ઠાને તાના અને રીરીઓ બે દીકરીઓ હતી. આ બન્ને દીકરીઓ મલ્હાર રાગમાં પારંગત હતી. અકબરના દરબારમાં સંગીત સમ્રાટ તાસેને દીપક રાગ ગાયો ત્યારે તેના શરીરમાં અગનઝાળ લાગેલી આ આગ શાંત કરવા તાનસેન ફરતો ફરતો વડનગર આવી પહોંચ્યો અને આ દીકરીઓ સવારે નદી આગળ આપણી ભરતાં સુર ગાયા તે મલ્હાર રાહ હતો. આ સુર સાંભળી તાનસેનને ટાઢક વળી. તાનસેન દીલ્હી પાછા ફરી બાદશાહ અકબરને સઘળી વાત કરી. બાદશાહ અકબરે આ બન્ને બહેનોને દીલ્લી તેડી લાવવા સેનાપતિઓને વડનગર મોકલ્યા.દીલ્હી સલ્તતનના દબાણને વશ ન થઈ આ બહેનઓએ આત્મ બલિદાન આપ્યું. તાનારીરીના પ્રતિક રૂપે બંને બહેનોની સમાધિ આવેલી આવી વિરાંગના કલાધારિણી બહેનનોને સૂરાંજલી અર્પવા માટે તાનારીરી ગાર્ડનનું નિર્માણ કર્યું છે.કારતક સુદના નોમ,દશમના દિવસે તાનારીરી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. દર વર્ષે તાનારીરી એવોર્ડ આપવામાંમાં આવે છે.દર વર્ષે કાર્તિક સુદ નોમ,દશમના દિવેસ આ મહોત્સવ ઉજવવામાં આવે છે.સંગીત સામ્રગી તાના અને રીરીની યાદમાં આ દિવસોમાં સંગીતના સુર રેલાય છે.:છેલ્લા વર્ષોથી આ બે બહેનોની કથા આંતર રાષ્ટ્રીય ફલક પર લઈ જવાના હેતુથી તાનારીરી સંગીત સન્માન એવોર્ડ પણ શરૂ કરેલ છે. તાના-રીરી મહોત્સવ દર વર્ષે કારતક સુદ નોમના દિવસે ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૧૦થી તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ આપવાની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપવાની શરૂઆત કરાઈ હતી. આ એવોર્ડમાં રૂ. ૦૫ લાખની રાશી (સંયુક્ત રીતે રૂ ૦૨.૫૦ રૂપિયા) ,તામ્રપત્ર અને શાલ એનાયત કરવામાં આવે છે. પ્રથમ વર્ષે ૨૦૧૦-૨૦૧૧ માં સંયુકત રીતે સંગીત બેલડી લતા અને ઉષા મંગેશ્કરને,બીજા વર્ષે ૨૦૧૧-૨૦૧૨માં પદ્મભૂષણશ્રી ગિરીજાદેવીને,૨૦૧૨-૨૦૧૩માં કિશોરી અમોનકર,૨૦૧૩-૨૦૧૪માં સુશ્રી બેગમ પરવીન સુલતાના,૨૦૧૪-૨૦૧૫માં સુશ્રી સ્વર યોગીની ડો,પ્રભા અત્રે, ૨૦૧૫ - ૨૦૧૬ માં શ્રીમતી વિદુષી મંજુબહેન મહેતા અમદાવાદ અને ડો શ્રીમતી લલીત જે રાવ મહેતા બેંગ્લોરને અર્પણ કરાયો હતો. ૨૦૧૬-૨૦૧૭નો એવોર્ડ પદ્મશ્રી આશા ભોંસલને અર્પણ કરાયો હતો. ૨૦૧૭-૨૦૧૮નો સંયુક્ત રીતે પદ્મભૂષણ ડો.શ્રીમતી એન.રાજમ અને સુશ્રી વિદુષી રૂપાંદે શાહને ૨૦૧૮-૨૦૧૯નો સંયુકત રીતે સુશ્રી અશ્વિની ભીડે દેશપાંડે અને સુશ્રી પિયુ સરખેલને અર્પીત કરાયો હતો વડનગર ઐતિહાસિક અને સાંસ્કૃતિ રીતે વિશેષ મહત્વ ધરાવે છે. આ ધરતી પર ગજબની સાંસ્કૃતિક શક્તિ રહેલી છે.આવી વિરાંગના કલાધારિણી બેહનોને સૂરાંજલી અર્પવા માટે વડનગરના તાના-રીરી ગાર્ડન ખાતે તાના-રીરી શાસ્ત્રીય સંગીત મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. હજારો દર્શકો આ મહોત્સવનો છેલ્લા વર્ષોથી લાભ લઈ રહ્યા છે. નોમ.. તોમ.. તાના-રીરી.. નોમ... તોમ...















# ડીસા ધારાસભ્ય એ સેના ના જવાનો સાથે દિવાળી પર્વ ની ઉજવણી કરી

## દેશ ની સીમા ની રક્ષા કરતા જવાનો ને મીઠાઈ નમકીન અને ફળો આપી નવા વર્ષ ની શુભેચ્છા પાઠવી

કમલમ દૈનિક,

ડીસા ના લોકપ્રિય કર્મઠ નિષ્ઠાવાન સત્યનિષ્ઠ જુઝારુ ધારાસભ્ય પોતાના વિસ્તાર ના લોકો ના કામો અંગે સતત જાગૃત અને ચિંતિત તો રહ્યા છે તેની સાથે સાથે દેશ ના સીમાડા ની રક્ષા કરતા જવાનોની પણ સતત ચિંતા કરે છે. જ્યારે સમગ્ર દેશ દિવાળીના તહેવારો ની ઉજવણી માં વ્યસ્ત બન્યો છે તેવા સમયે સેના ના જવાનો પોતાના પરિવાર થી દુર ચોવીસ કલાક પોતાના જીવની પણ પરવા કર્યા સિવાય બોર્ડર ની સીમા ઓ ઉપર દિવસ રાત ખડા પગે ઉભા રહી સીમાઓની રક્ષા કરે છે અને ત્યારે જ સેના જવાનોની ફરજ નિષ્ઠાથી જ આ દેશ સલામત છે અને માટેજ દેશ પ્રેમી એવા ડીસા ના જાગૃત ધારાસભ્યશ્રી શશીકાંતભાઈ પંડ્યાએ દિવાળીના આ તહેવારની ઉજવણી સેના ના જવાનો સાથે ઉજવવાનું નક્કી કર્યુ આ કાર્ય માં તેમની સાથે જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ગુમાન સિંહ ચૌહાણ ભાજપ જિલ્લા મહા મંત્રી ઉમેદદાન ગઢવી, બી એસ એફ કમાન્ડન્ટ એ.કે. તિવારી, બી.એસ.એફ અધિકારી બી.એન. લોહાની શહેર ભાજપના રાજુભાઈ ઠક્કર, કિશોર વર્ધ.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં તમામ સ્ટાફનો ફરી કોવિડ ટેસ્ટ થશે




કમલમ દૈનિક, રાજપીપળા

સ્ટેચ્યુ ઓફ યુનિટી પર ગત ૩૧મી ઓક્ટોબરના દિવસે PM મોદીની ઉપસ્થિતમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઊજવણીનો કાર્યક્રમ યોજાયો હતો, એ વખતે કેવડિયા વિસ્તારને કોરોના ફ્રી ઝોન કરવા સતત એક અઠવાડિયા સુધી વિવિધ અધિકારીઓ અને સ્ટાફનો કોરોના ટેસ્ટ કરાયો હતો. કાર્યક્રમના અંત સુધી લગભગ ૧૮,૦૦૦ લોકોના કોરોના ટેસ્ટ કરાયા હતા, એમાંથી ૧૫૦ જેટલા લોકોના ટેસ્ટ પોઝિટિવ આવ્યા હતા. આગમી ૨૫-૨૬ નવેમ્બરના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક ટેન્ટ સિટી-૨ ખાતે ૮૦ મી "ઓલ ઈન્ડિયા પ્રિસાઈડિંગ ઓફિસર્સ કોન્ફરન્સ" યોજાવાની છે. દેશના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ સહિત દેશની વિધાનસભાના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, રાજ્યસભા, લોકસભાના સંબંધિત અધિકારીઓ મળી કુલ ૨૦૦ જેટલા વીવીઆઈપીની ઉપસ્થિતિમાં કેવડીયા ટેન્ટ સિટી-૨ ખાતે કોન્ફરન્સ યોજવા જઈ રહી છે, તો બીજી બાજુ ૨૬મી નવેમ્બરે PM મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પણ આવવાવના હોવાની સંભાવનાઓ વ્યક્ત કરાઈ રહી છે. ત્યારે નર્મદા જિલ્લા વહીવટીતંત્ર કાર્યક્રમની તૈયારીઓમાં લાગી ગયું છે, સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારને કોરોના ફ્રી ઝોન કરવા આરોગ્ય વિભાગ દ્વારા આયોજન હાથ ધરાયુ છે.

૧૮/૧૧/૨૦૨૦થી ૨૮/૧૧/૨૦૨૦ (24×7) દરમિયાન સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં વિવિધ જગ્યાઓ પર સેનીટાઈઝેશન અને કોવિડ ટેસ્ટની કામગીરી હાથ ધરાશે. કેવડિયા રેવા ભવન, શ્રેષ્ઠ ભારત ભવન, VVIP સર્કિટ હાઉસ ખાતે નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગની ૨૮ ટીમો દ્વારા કોન્ફરન્સમાં હાજર રહેનારા લોકોનો કોરોના ટેસ્ટ કરશે, એક અનુમાન મુજબ આ વખતે ૨૦૦૦થી ૩૦૦૦ જેટલા લોકોના કોવિડ થશે, આટલી મોટી સંખ્યામાં આરટીપીસીઆર ટેસ્ટ શક્ય નથી જેથી યોગ્ય લાગશે એમના જ RTPCR ટેસ્ટ કરાશે, મોટે ભાગના લોકોના એન્ટીજન કોવિડ ટેસ્ટ થશે, નર્મદા આરોગ્ય વિભાગે રાજ્ય સરકાર પાસેથી ૫,૦૦૦ જેટલી એન્ટીજન કોવિડ ટેસ્ટ કીટ મંગાવી છે.

# નવી શિક્ષણ નીતિ ભારતને જ્ઞાનનું વૈશ્રિ્વક સુપરપાવર બનાવશે: વેંકૈયા નાયડુ



કમલમ દૈનિક, ન્યુ દિલ્હી,

નવી શિક્ષણ નીતિ (એનઈપી) ભારતને જ્ઞાનનું વૈશ્રિ્વક સુપરપાવર બનાવવા માટેની હોવાની વાત કહેવા સાથે ઉપ રાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુએ મંગળવારે આપણા દેશને શિક્ષણના ક્ષેત્રે ફરી એકવાર વિશ્ર્વગુરુ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ભારતની પ્રાચીન શિક્ષણ વ્યવસ્થાનું લક્ષ્ય વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ તરફી હોવા સાથે એ લોકોને કુદરત સાથે સમન્વય સાધીને જીવવાનું અને દરેકનો આદર કરતા શીખવતી હતી.અગરતલાની એનઆઈટીના ૧૩માં કોનવોકેશન કાર્યક્રમને વર્ચ્યુઅલી સંબોધતા એમણે જણાવ્યું હતું કે આપણું શિક્ષણ વ્યવહારુ, હિતકારી અને જીવનનું પૂરક હતું. શિક્ષણને સતત ચાલતી રહેતી વ્યવસ્થા તરીકે જોવામાં આવતું હતું. નવી શિક્ષણ નીતિ આ જ બાબતોને ધ્યાનમાં લઈને ઘડવામાં આવી છે. એનું લક્ષ્ય ભારતને જ્ઞાનના ક્ષેત્રે વૈશ્રિ્વક સુપરપાવર બનાવવાનું છે અને સંપૂર્ણ શિક્ષણ વ્યવસ્થામાં આદર્શ પરિવર્તન લાવવાનું છે. એમણે ઉચ્ચશિક્ષણ સંસ્થાઓ અને યુનિવર્સિટીઓને ભારતને જ્ઞાન અને શોધનું કેન્દ્ર બનાવવાની અપીલ કરી હતી. એમણે વધુમાં સલાહ આપતા જણાવ્યું હતું કે વિવિધ ક્ષેત્રોમાં કટિંગ એંજ સંશોધન કરો, ઉદ્યોગો અને અન્ય સંસ્થાઓ સાથે સમનવય સાધો તથા આપણા કૅમ્પસોને ક્રિએટિવિટી અને સંશોધનનું રસપ્રદ સ્થાન બનાવો. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામની યુવાનોને મોટાં સ્વપ્ર જોવાની વાત યાદ દેવડાવતા એમણે જણાવ્યું હતું કે તમારું લક્ષ્ય નક્કી કરો અને એને સાધવા માટે અતૂટ પ્રયત્ન કરો.

# હર્ષોલ્લાસ સાથે નવા વર્ષની ઉજવણી

## દિપાવલી માં આકાશ રોશનીથી ઝળહળી ઉઠ્યું :રામપુર ગામે પશુધન ને ફટાકડા ફોડી ભડકાવી નવા વર્ષની અનોખી ઉજવણી








કમલમ દૈનિક, અરવલ્લી

કોરોનાના કહેર વચ્ચે પણ વિક્રમ સંવત ૨૦૭૭ ને અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના પ્રજાજનોએ આનંદ ઉલ્લાસ અને આતશબાજી તેમજ રોશનીથી વધાવ્યો હતો દીવડાઓના પ્રકાશ અને રોશનીથી ઝગમગાટ કરી બંને જિલ્લાની પ્રજાએ નવા વર્ષનો સત્કાર કરી આવકાર્યું હતું.દિવાળી થી માંડીને લાભપાંચમ સુધીના આ દિવાળી મહાપર્વને લોકો હર્ષોલ્લાસ અને ઉમંગભેર મનાવે છે નૂતનવર્ષના દિવસે કોરોનાનો ડર છોડી પ્રજાજનોએ એકબીજાને ભેટીને શુભેચ્છા પાઠવી હતી આધુનિક મોબાઈલ યુગમાં જિલ્લાવાસીઓએ સંબંધીઓ,મિત્રો,બહાર રહેતા પરિવારજનોને વોટ્સએપ,એસ.એમ.એસ,અને કોલ થી શુભેચ્છા પાઠવી હતી.દીપાવલી ની રાત્રીએ જિલ્લાવાસીઓએ ફટાકડા ફોડી આતશબાજી કરતા આકાશ રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું લોકોએ અને ખાસ કરી ભુલકાંઓએ મોડી રાત્રી સુધી ફટાકડા ફોડી દિવાળી ની ધામધૂમ પૂર્વક ઉજવણી કરી હતી. મોડાસા તાલુકા ના રામપુર(શિણાવાડ) ગામના પ્રજાજનોએ અને પશુપાલકોએ વર્ષોથી ચાલી આવતી પરંપરાગત રીત મુજબ ગામની પાદરે આખા ગામના પશુઓ એકઠા કરી પશુપાલકો અને પ્રજાજનો પશુઓ નજીક ફટાકડા ફોડી પશુઓને ભડકાવી અનોખી રીતે ઉજવણી કરી હતી ગામલોકોના જણાવ્યા અનુસાર પશુઓને નવાવર્ષના દિવસે ભડકાવાથી વર્ષ દરમિયાન પશુઓ બીમાર પડતા ન હોવાની માન્યતા ના પગલે દરવર્ષે આરીતે ગામ લોકો અને પશુપાલકો નવા વર્ષની ઉજવણી કરતા હોય છે તદુપરાંત ફટાકડા થી ભડકાવેલા પશુઓ આજદિન સુધી ક્યારેય કોઈ પણ માણસને નુકશાન પહોચાડ્યું નથી અને આ કાર્યક્રમ પછી બંને ગામના લોકો મંદિરે એકઠા થઈ ભગવાનની પૂજા અર્ચના કરી એકબીજાને ભેટી શુભેચ્છા પાઠવી નવું વર્ષ સૌકોઈને અને ગામ લોકોને ફળદાઈ નીવડે તેવી શુભેચ્છા પાઠવી હતી.

પ્રધાનમંત્રીએ ત્રીજા વાર્ષિક બ્લૂમબર્ગ ન્યૂ ઈકોનોમી ફોરમને સંબોધન કર્યું

# પ્રધાનમંત્રીએ રોકાણકારોને જણાવ્યું - શહેરીકરણની પ્રક્રિયામાં રોકાણ માટે ભારત લાભદાયક તકો ધરાવે છે :પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી

## કોવિડ પછીની દુનિયામાં માનસિકતા અને રીતોને ફરી સેટ કરવાની જરૂર પડશે



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભારતીય શહેરીકરણની પ્રક્રિયામાં રોકાણ કરવા માટે રોકાણકારો માટે લાલ જાજમ પાથરી હતી. ત્રીજા વાર્ષિક બ્લૂમબર્ગ ન્યૂ ઈકોનોમી ફોરમમાં વિડિયો કોન્ફરન્સ મારફતે આજે બોલતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, “જો તમે શહેરીકરણની પ્રક્રિયામાં રોકાણ કરવા આતુર હોય, તો ભારત તમારા માટે અનેક લાભદાયક તકો ધરાવે છે. જો તમે મોબિલિટી કે પરિવહનમાં રોકાણ કરવા આતુર હોય, તો ભારત તમારા માટે રોમાંચક તકો પૂરી પાડે છે. જો તમે ઈનોવેશનમાં રોકાણ કરવા નજર દોડાવતા હોવ, તો ભારત તમને વિવિધ ઉપયોગી તકો પૂરી પાડે છે. તમને આ તકો જીવંત લોકશાહી સાથે મળે છે. અહીં વ્યવસાયને અનુકૂળ આબોહવા છે. ભારતનું બજાર વિશાળ છે. વળી દેશમાં અત્યારે એવી સરકાર છે, જે ભારતને પસંદગીનું આંતરરાષ્ટ્રીય રોકાણ કેન્દ્ર બનાવવામાં કોઈ કચાશ નહીં રાખે.” શ્રી મોદીએ જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ પછીની દુનિયામાં કામગીરી ફરી શરૂ કરવાની જરૂર પડશે. જોકે રિસેટ

### ૧૦૦ સ્માર્ટ સિટીઓએ ૩૦ અબજ ડોલરના મૂલ્યના વિવિધ પ્રોજેક્ટ તૈયાર કર્યા છે

કર્યા વિના રિસ્ટાર્ટ (કામગીરીની પુનઃ શરૂઆત) શક્ય નહીં બને. આ રિસેટ – એટલે પ્રક્રિયાઓને ફરી સેટ કરવી અને કામ કરવાની રીતોને ફરી સેટ કરવી. મહામારીએ આપણને દરેક ક્ષેત્રમાં નવા નિયમો વિકસાવવા, નવી રીતો અપનાવવાની એક તક પ્રદાન કરી છે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે, “જો આપણે ભવિષ્ય માટે મજબૂત સિસ્ટમ વિકસાવવા ઈચ્છતાં હોય, તો આ તકો ઝડપી લેવી જોઈએ. આપણે કોવિડ પછીની દુનિયાની જરૂરિયાતોનો વિચાર કરવો પડશે. સારી શરૂઆત આપણા શહેરી કેન્દ્રોને પુનઃ ધમધમતા કરશે.” શહેરી કેન્દ્રોનો કાયાકલ્પ કરવાની થીમ પર પ્રધાનમંત્રીએ રિકવરી પ્રક્રિયામાં લોકોને કેન્દ્રમાં રાખવા પર ભાર મૂક્યો હતો. લોકોને સંસાધનનો સૌથી મોટો સ્ત્રોત અને સમુદાયોને સૌથી મોટા બિલ્ડિંગ બ્લોક ગણાવીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, “મહામારીએ ફરી ભારપૂર્વક જણાવ્યું છે કે, સમાજો અને વ્યવસાયો તરીકે આપણો સૌથી મોટો સ્ત્રોત આપણા લોકો છે. કોવિડ પછીની દુનિયાએ આ મુખ્ય અને મૂળભૂત સંસાધનને પ્રોત્સાહન આપવાની જરૂર પડશે.” પ્રધાનમંત્રીએ રોગચાળાના સમયગાળા દરમિયાન શીખવા મળેલી બાબતોને આગળ ધપાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. લોકડાઉનના સમયગાળા દરમિયાન સ્વચ્છ પર્યાવરણ વિશે વાત કરીને તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે, આપણે સ્વચ્છ પર્યાવરણ સામાન્ય હશે એવા પર્યાવરણને અનુકૂળ શહેરોનું નિર્માણ કરી શકીશું કે નહીં? કે પછી આ પ્રકારનાં શહેરોનું નિર્માણ અપવાદરૂપ ઘટના બની જશે?” શ્રી મોદીએ કહ્યું હતું કે, “અમે ભારતમાં શહેરી કેન્દ્રોનું નિર્માણ કરવાનો પ્રયાસ કરી રહ્યાં છીએ, જે શહેરની સુવિધાઓ ધરાવતા હોય, પણ એનો આત્મા ગ્રામીણ જીવન હોય.” તેમણે ફોરમને ભારતીય શહેરી ક્ષેત્રમાં નવસંચાર કરવા સરકારે તાજેતરમાં લીધેલી પહેલો વિશે જાણકારી આપી હતી, જેમ કે ડિજિટલ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, એફોર્ડેબલ હાઉસિંગ, રિયલ એસ્ટેટ (નિયમન) ધારા અને ૨૭ શહેરોમાં મેટ્રો રેલ. પ્રધાનમંત્રીએ ફોરમને જાણકારી આપી હતી કે, “અમે વર્ષ ૨૦૨૨ સુધીમાં દેશમાં ૧૦૦૦ કિલોમીટરની મેટ્રો રેલ સિસ્ટમ વિકસાવવાના માર્ગે અગ્રેસર છીએ.” પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, “અમે બે તબક્કાની પ્રક્રિયા મારફતે ૧૦૦ સ્માર્ટ સિટીઝની પસંદગી કરી છે. સહકારી અને સ્પર્ધાત્મક સંઘવાદની ફિલોસોફીને જાળવી રાખવા રાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા થઈ હતી. આ શહેરોએ લગભગ બે લાખ કરોડ રૂપિયા કે ૩૦ અબજ ડોલરના મૂલ્યના વિવિધ પ્રોજેક્ટ તૈયાર કર્યા હતા. વળી લગભગ એક લાખ ચાલીસ હજાર કરોડ રૂપિયા કે ૨૦ અબજ ડોલરના મૂલ્યના વિવિધ પ્રોજેક્ટ પૂર્ણ થયા છે અથવા પૂર્ણ થવાની નજીક છે.”

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા મહામહિમ જોસેફ આર. બાઈડેન વચ્ચે ટેલિફોનિક વાતચીત

## પ્રધાનમંત્રીએ ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા સેનેટર કમલા હેરિસને પણ હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ આપી



નેતાઓએ ભારત–અમેરિકાની વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી, સમાન મૂલ્યો અને સામાન્ય હિતો આગળ વધારવા માટે નજીકથી કામ કરવા સંમતિ આપી.

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા મહામહિમ જોસેફ આર. બાઈડેન સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી. પ્રધાનમંત્રી મોદીએ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા બાઈડેનને હાર્દિક અભિનંદન આપ્યા અને ચૂંટણીને અમેરિકાની લોકશાહી પરંપરાઓની તાકાત અને સ્થિતિસ્થાપકતાના વિધાન તરીકે વર્ણવી હતી. પ્રધાનમંત્રીએ ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા સેનેટર કમલા હેરિસને પણ હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ આપી.

પ્રધાનમંત્રીએ મહામહિમ જોસેફ આર. બાઈડેન સાથેની તેમની અગાઉની વાતચીતોને ખાસ કરીને ૨૦૧૪ અને ૨૦૧૬માં અમેરિકાની તેમની સત્તાવાર મુલાકાત, ૨૦૧૬ની મુલાકાત દરમિયાન મહામહિમ જોસેફ આર. બાઈડેનની અધ્યક્ષતામાં આયોજિત અમેરિકન કોંગ્રેસના સંયુક્ત સત્રમાં પ્રધાનમંત્રીએ સંબોધન કર્યું હતું, તે વાતોને યાદ કરી હતી. નેતાઓએ ભારત-અમેરિકાની વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી, સમાન મૂલ્યો અને સામાન્ય હિતો આગળ વધારવા માટે નજીકથી કામ કરવા સંમતિ આપી. નેતાઓએ તેમની પ્રાધાન્યતા જેવી કે કોવિડ -૧૯ રોગચાળો, પોષણક્ષમ રસીની સરળતાથી ઉપલબ્ધતાને પ્રોત્સાહન આપવું, હવામાન બદલાવને લગતા નિયંત્રણ અને ભારત-પ્રશાંત ક્ષેત્રમાં સહયોગ અંગે પણ ચર્ચા કરી.


# પ્રધાનમંત્રીએ ગોવાના પૂર્વ રાજયપાલ શ્રીમતી મૃદુલા સિંહાના અવસાન અંગે શોક વ્યક્ત કર્યો



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગોવાના પૂર્વ રાજ્યપાલ શ્રીમતી મૃદુલા સિંહાના અવસાન અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે. એક ટવીટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે "શ્રીમતી મૃદુલા સિંહા જી, ને તેમના જાહેર સેવાના પ્રયત્નો માટે યાદ કરવામાં આવશે. તેઓ સાહિત્યની સાથે-સાથે સંસ્કૃતિની દુનિયામાં પણ વિસ્તૃત યોગદાન આપનાર એક નિપુણ લેખક હતા. તેમના અવસાનથી દુઃખ થયું. તેમના પરિવાર અને પ્રશંસકો પ્રત્યે સંવેદના. ઓમ શાંતિ."

# પ્રધાનમંત્રીએ જૈનાચાર્ય શ્રી વિજય વલ્લભ સૂરિશ્વરજી મહારાજની ૧૫૧મી જન્મજયંતિના પ્રસંગે ‘સ્ટેચ્યૂ ઓફ પીસનું અનાવરણ કર્યું





## આધ્યાત્મિક આગેવાનોને વોકલ ફોર લોકલને પ્રોત્સાહન આપી આત્મનિર્ભરતાના અભિયાનને વેગ આપવા અપીલ કરી

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વિડિયો કોન્ફરન્સિંગ મારફતે જૈનાચાર્ય શ્રી વિજય વલ્લભ સૂરિશ્વરજી મહારાજની ૧૫૧મી જન્મજયંતિની ઉજવણીના પ્રસંગે ‘સ્ટેચ્યૂ ઓફ પીસનું અનાવરણ કર્યું હતું. આ પ્રતિમાનું અનાવરણ જૈન આચાર્યના જીવન અને કવનના સન્માનમાં કરવામાં આવ્યું છે અને એને બિરદાવવા પ્રતિમાનું નામ ‘સ્ટેચ્યૂ ઓફ પીસલ્ રાખવામાં આવ્યું છે. ૧૫૧ ઇંચ ઊંચી આ પ્રતિમાનું નિર્માણ અષ્ટધાતુ એટલે કે આઠ ધાતુઓમાંથી થયું છે, જેમાં મુખ્ય ધાતુ સ્વરૂપે તાંબાનો ઉપયોગ થયો છે. આ પ્રતિમાને રાજસ્થાનના પાલીના જેતપુરામાં વિજય વલ્લભ સાધના કેન્દ્રમાં સ્થાપિત કરવામાં આવી છે. પ્રધાનમંત્રીએ જૈનાચાર્યને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે વિવિધ આધ્યાત્મિક આગેવાનો ઉપસ્થિત હતા. બે ‘વલ્લભ એટલે કે સરદાર વલ્લભભાઈ પટેલ અને જૈનાચાર્ય શ્રી વિજય વલ્લભ સૂરિશ્વરજી મહારાજનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા ‘સ્ટેચ્યૂ ઓફ યુનિટીલ્નું અનાવરણ કર્યા પછી તેમને જૈનાચાર્ય શ્રી વિજય વલ્લભની ‘સ્ટેચ્યૂ ઓફ પીસનું અનાવરણ કરવાની તક મળી છે. તેમણે આ તક મળવા બદલ પોતે ધન્યતા અનુભવી રહ્યાં છે એવું જણાવ્યું હતું.

‘વોકલ ફોર લોકલ એટલે કે ‘સ્થાનિક ચીજવસ્તુઓને પ્રોત્સાહન આપવાના અભિયાન પર ભાર મૂકીને શ્રી મોદીએ વિનંતી કરી હતી કે, જેમ આઝાદીના આંદોલન દરમિયાન રાષ્ટ્રીય નેતાઓએ સ્વદેશી આંદોલનને મજબૂત કર્યું હતું, તેમ અત્યારે તમામ આધ્યાત્મિક આગેવાનોએ આત્મનિર્ભરતાના સંદેશને વધુને વધુ લોકો સુધી પહોંચાડવો પડશે અને ‘વોકલ ફોર લોકલલ્ના ફાયદા લોકોને સમજાવવા પડશે. તેમણે એવું પણ જણાવ્યું હતું કે, દિવાળીના તહેવારો દરમિયાન દેશની જનતાએ જે રીતે સ્થાનિક ચીજવસ્તુઓને ટેકો આપ્યો છે એ જોતા તેઓ ઊર્જાની લાગણી અનુભવી રહ્યાં છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ભારતે દુનિયાને હંમેશા શાંતિ, અહિંસા અને મૈત્રીપૂર્ણ સંબંધોનો માર્ગ દર્શાવ્યો છે. અત્યારે દુનિયા એવું જ માર્ગદર્શન ભારત પાસેથી મેળવવા આતુર છે. જો તમે ભારતનાં ઈતિહાસ પર નજર નાંખશો, તો જણાશે કે, જ્યારે જરૂર પડી છે, ત્યારે કોઈને કોઈ સંત-મહાત્માનો પ્રાદુર્ભાવ સમાજને માર્ગદર્શન આપવા માટે થયો છે. આચાર્ય વિજય વલ્લભ આ પ્રકારના એક સંત હતા. જૈનાચાર્ય દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થાઓનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ દેશને શિક્ષણના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવાના એમના પ્રયાસોની પ્રશંસા કરી હતી. જૈનાચાર્યે પંજાબ, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશ જેવા વિવિધ રાજ્યોમાં ભારતીય મૂલ્યો ધરાવતા ઘણી સંસ્થાઓ સ્થાપિત કરી હતી. તેમણે કહ્યું હતું કે, આ સંસ્થાઓએ ઘણા ઉદ્યોગપતિઓ, ન્યાયાધીશો, ડૉક્ટરો અને ઈજનેરોની ભેટ ધરી છે, જેઓ દેશને નિઃસ્વાર્થ અને શ્રેષ્ઠ સેવા આપી રહ્યાં છે. પ્રધાનમંત્રીએ મહિલાઓના શિક્ષણનાં ક્ષેત્રમાં આ સંસ્થાઓના પ્રયાસોનું દેશ પર રહેલા ઋણ પર ભાર મૂક્યો હતો. આ સંસ્થાઓએ હાલના મુશ્કેલ સ્થિતિ સંજોગોમાં મહિલા શિક્ષણની જ્યોત પ્રજ્વલિત રાખી છે. જૈનાચાર્યે કન્યાઓ માટે ઘણી સંસ્થાઓની સ્થાપના કરી છે અને મહિલાઓને મુખ્ય પ્રવાહમાં લાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, આચાર્ય વિજય વલ્લભજી દરેક જીવ માટે પ્રેમ, કરુણા અને સંવેદનાથી સભર હતા. એમના આશીર્વાદથી બર્ડ હોસ્પિટલ અને અનેક ગૌશાળાઓ દેશમાં અત્યારે ચાલી રહી છે. આ સાધારણ સંસ્થાઓ નથી. એમાં ભારત અને ભારતીય મૂલ્યોના દર્શન થાય છે.

તમામ ૮ બેઠકો ગુમાવનાર કોંગ્રેસના સભ્યોની સંખ્યા ઘટીને ૬૫ રહેશે

# પેટા ચૂંટણીમાં જીતેલા ભાજપના ૮ ધારાસભ્ય આજે ગ્રહણ કરશે શપથ

## વિધાનસભા ગૃહમાં ભાજપનું સંખ્યાબળ વધીને ટ્રીપલ વન થઈ જશે




કમલમ દૈનિક, ગાંધીનગર,

૧૦ નવેમ્બરે જાહેર થયેલા પેટા ચૂંટણી પરિણામોમાં જીતેલા ભાજપના ૮ ધારાસભ્યો લાભ પાંચમે શપથ ગ્રહણ કરશે. તેની સાથે જ વિધાનસભા ગૃહમાં ભાજપના સભ્યોની સંખ્યા ટ્રિપલ વન એટલે કે ૧૧૧ થઈ જશે. લાભ પાંચમે ૧૯ નવેમ્બરના રોજ શપથ સમારંભ બાદ ૧૮૨ સભ્યોના વિધાનસભા ગૃહની સ્થિતિ ભાજપ ૧૧૧, કોંગ્રેસ ૬૫, બીટીપી ૨, એનસીપી ૧ અને અપક્ષ ૧ થઈ જશે. બે બેઠકો હજુ ખાલી છે. આ બેઠકો દેવભૂમિ દ્વારકા અને મોરવા હડફ છે.

ગુજરાતમાં ૨૩મી ઓક્ટોબરે થયેલી ૮ બેઠકોની પેટા ચૂંટણીમાં ભાજપને ૫૫ ટકા, કોંગ્રેસને ૩૪.૪ ટકા મત મળ્યા હતા. આ રીતે કોંગ્રેસે આઠેય બેઠકો તો ગુમાવી દીધી, સાથે તેના વોટ શેરમાં પણ ઘટાડો થયો છે. અગાઉ વિધાનસભા ચૂંટણીમાં આ તમામ ૮ બેઠકો કોંગ્રેસને ફાળે ગઈ હતી. પરંતુ થોડા સમય પહેલાં રાજ્યસભાની ચૂંટણી વખતે કોંગ્રેસમાં બળવો કરી તેના ધારાસભ્યો ભાજપમાં જોડાઈ ગયા હતા. પેટા ચૂંટણીમાં ૮.૪૬ ટકા વોટ અન્ય ઉમેદવારોને મળ્યા હતા. જ્યારે ૨.૧૬ ટકા મત નોટામાં પડ્યા હતા. તમામ ૮ બેઠકો પર ભાજપની ભવ્ય જીત થઈ છે. જેમાં ડાંગ બેઠક પર ૩૦ હજારથી વધુની લીડ સાથે જીતી હતી. જ્યારે મોરબીમાં બ્રિજેશ મેરજા બહુ જ પાતળી સરસાઈથી જીત્યા હતા. જોકે, દિવાળી પહેલા મતદારોએ ભાજપને મોટી ગિફ્ટ આપી છે. જેની ઉજવણી તમામ બેઠકો પર કરવામા આવી રહી છે.

**બેઠકવાર ચૂંટાયેલા ભાજપ ઉમેદવાર**

| બેઠક | ચૂંટાયેલા ઉમેદવાર |
|---|---|
| લીંબડી | કિરીટસિંહ રાણા |
| અબડાસા | પ્રદ્યુમનસિંહ જાડેજા |
| મોરબી | બ્રિજેશ મેરજા |
| કરજણ | અક્ષય પટેલ |
| ધારી | જે.વી.કાકડિયા |
| ગઢડા | આત્મારામ પરમાર |
| કપરાડા | જીતુ ચૌધરી |
| ડાંગ | વિજય પટેલ |

# નાણાં પંચે તેમના અહેવાલની નકલ પ્રધાનમંત્રીને રજૂ કરી





કમલમ દૈનિક,

૧૫મા નાણાપંચના અધ્યક્ષ અને સભ્યોએ આજે ૨૦૨૧-૨૨થી ૨૦૨૫-૨૬ના સમયગાળા માટેના કમિશનના અહેવાલની એક નકલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને રજૂ કરી. આયોગે પોતાનો અહેવાલ ૪ નવેમ્બર ૨૦૨૦ના રોજ ભારતના રાષ્ટ્રપતિને સોંપ્યો હતો. આયોગના અધ્યક્ષ શ્રી એન.કે.સિંહ, આયોગના સભ્યો શ્રી અજય નારાયણ ઝા, પ્રો.અનૂપ સિંહ, ડૉ. અશોક લાહિરી અને ડૉ. રમેશ ચંદ સાથે આયોગના સચિવ શ્રી અરવિંદ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. આયોગ આવતીકાલે કેન્દ્રીય નાણાંમંત્રી સમક્ષ પોતાનો અહેવાલ રજૂ કરશે. બંધારણ હેઠળ સૂચવ્યા અનુસાર એટીઆરના માધ્યમથી એક્સપ્લેનેટરી મેમોરેન્ડમ સાથે અહેવાલ ગૃહમાં મૂકવામાં આવશે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028